મોબાઈલ ૯૮૨૫૪૭૩૬૬૫

આપની આજ

- ભાવેશ એન પટ્ટણી

Email:- info@BhaveshNPattni.com
Website:- www.BhaveshNPattni.com

આજનું પંચાંગ

ઉદિત તિથિ	કૃષ્ણ પક્ષ દશમી ૧૧ નવેમ્બરના સવારે ૩:૨૨ સુધી, ત્યાર બાદ એકાદશી
વાર	મંગળ
નક્ષત્ર	મઘા સવારે ૭:૫૬ સુધી, ત્યાર પછી પૂર્વા ફાલ્ગુની ૧૧ નવેમ્બરની સવારે ૬:૨૯ સુધી, ત્યાર પછી ઉત્તરા ફાલ્ગુની
કરણ	વણિજ સાંજે ૪:૩૦ સુધી, ત્યાર પછી વિષ્ટિ ૧૧ નવેમ્બરની ૩:૨૨ સુધી, ત્યાર બાદ બવ
યોગ	ઈન્દ્ર રાત્રે ૧૦:૪૫ સુધી, ત્યાર પછી વૈધૃતિ
આજની રાશિ	સિંહ
રાશિના અક્ષરો	મ. ટ.

આજનું રાશિ ફળ (જન્મની ચંદ્ર રાશિ મુજબ)

મેષ (અ. લ. ઈ.)
આજે સરસ રીતે કામ કરી શકો. પોતાની ક્ષમતાઓનું સારી રીતે પ્રદર્શન કરી શકાય. જેમ જેમ દિવસ આગળ વધે તેમ પેન્ડિંગ કામો પૂરાં થતાં જોઈ, ઉત્સાહમાં વધારો થાય અને વધુ સારું લાગે. કળા અને ખેલકુદના ક્ષેત્ર સાથે સંકળાયેલા લોકો માટે ઉત્તમ દિવસ. આજે ઉપરી અધિકારીઓ આપનાથી ખુશ રહે.

વૃષભ (બ. વ. ઉ.)
પોતાના મતમાં ફેરફાર કરવાની ઈચ્છા ન થાય. એવું લાગે કે જે છે તે બરોબર છે અને આપ માનો છો, તેમ જ હોવું જોઈએ અથવા થવું જોઈએ. ધ્યાન રાખજો કે કોઈની સાથે કોઈ બાબતે મતાંતરો ન થાય. આજનો દિવસ સંવેદનશીલ છે. આજના દિવસે સરળતાથી કામો પૂરાં ન થવાથી થોડી નિરાશા જન્મે.

મિથુન (ક. છ. ઘ)
આપ પોતાના રસના વિષય અંગે વધુ માહિતી પ્રાપ્ત કરવા કોશિશ કરશો. અમુક બાબતો અંગે આપને એમ લાગશે, કે આપની પાસે જ પૂર્ણ વિગતો છે, બીજા લોકો જાણતાં જ નથી. ધંધામાં નવું સાહસ કરવાની ઈચ્છા થઈ શકે. નોકરીમાં અઘરાં કાર્યો પણ આપ હાથ ધરશો અને પૂરાં કરશો.

કર્ક (ડ. હ.)
આર્થિક મુદ્દા આજના જીવનમાં સર્વોપરિ રહેશે. આપનો પ્રયાસ બ્રાન્ડેડ વસ્તુઓ ખરીદવાનો હશે, જેની સામે તેની યોગ્ય કિંમત ચૂકવવા આપ તૈયાર હશો. પરિવારજનો સાથે વ્યવહાર કરતી વખતે આપનો અહંકાર ઓગાળીને વાત કરજો. બની શકે કે આજે આપ પોતાના સ્વભાવથી વિપરિત વર્તન કરો, જેનાથી દુઃખ વધે, સુખ ઘટે.

સિંહ (મ. ટ.)
આજે કેટલાક નિર્ણયો મક્કમ મને લેવાં જ પડશે. એવું ધ્યાન રાખજો કે આપ અહંકારી વ્યક્તિની ઈમેઈજ ન પાડો. જો આપ આ અંગે સાવચેત નથી, તો બીજા લોકો આપનું ખોટું મૂલ્યાંકન કરશે. જો કે, આજે બીજા લોકો આપના માટે શું વિચારે છે, તે મહત્વનું નહીં હોય. વૈચારિક મતભેદો થવાની પૂરી શક્યતા છે. ગુસ્સો કાબુમાં રાખવા પ્રયાસ કરજો, નહિ તો સંબંધો વણસી જશે.

કન્યા (પ. ઠ. ણ)
આજનો દિવસ ગાંઠનું ગોપીચંદન કરવાનો દિવસ છે. આજે ભૂલો સુધારવાનો દિવસ છે. ભૂલો સુધારવા માટે ભૂલો સમજાવી જરૂરી છે. સ્વીકૃતિ – એ બદલાવનું પહેલું પગથીયું છે. આજે બિઝનેસ હોય કે જોબ હોય, સાવચેતી ભર્યાં પગલાં લેવાની સલાહ છે. વધુ પડતો આત્મવિશ્વાસ નુકસાન કરાવી શકે.

તુલા (ર. ત.)
જેટલાં ઓપન માઈન્ડેડ રહેશો, તેટલું વધારે સારું રહેશે. જો સંકુચિત મનોવૃત્તિ રાખશો, તો તકલીફ પડશે. જે લોકોને આજ સુધી આપની જરૂર નહોતી, તે લોકોને અચાનક આપની જરૂર પડશે. સમતુલા એને જ કહેવાય કે આપ નિષ્પક્ષ અને નિરહંકારી બનીને દરેક વ્યક્તિને સહાય કરો. આર્થિક લાભ થાય અથવા સખ્યરતામાં વધારો થાય.

વૃશ્ચિક (ન. ય.)
આજે આપ મજબૂત રીતે સારાં કાર્યો કરી શકશો. એવું બનશે જ નહીં કે આપના વગર કામ અટકે, પણ આપને એવું લાગશે કે આપની હાજરી કે આપના ફોન કૉલથી અમુક મહત્વનાં કાર્યો પૂરાં થયાં. જો આપનો બિઝનેસ હશે તો તેમાં પ્રગતિ થશે. નોકરીયાતો સારી રીતે પોતાની જવાબદારીઓ નિભાવશે. બોસ સાથે બાખડશો નહીં.

ધન (ભ. ફ. ધ. ઢ)
આપનો ફિલોસોફીકલ સ્વભાવ આજે બીજા લોકોને ઉપયોગમાં આવશે. અન્ય લોકોના ઉપયોગમાં આવ્યાનો આપને આનંદ હશે. આજે જીવનના જુદાં જુદાં આયામો અને વિષયોનો અભ્યાસ આપ કરી શકશો. ધ્યાન એમ રાખવાનું કે કોઈ આપને ફોસલાવીને પોતાનો સ્વાર્થ ન સાધી લે. પ્રશંસા ઘણી વાર માત્ર કામ કઢાવવા માટે થતી હોય છે.

મકર (ખ. જ.)
આપની સંવેદનાઓ પોતાની જાત તરફ વધુ હશે. આપ પોતાની જ ચિંતામાં વ્યસ્ત હશો. જો બિઝનેસ કરતાં હશો તો ભવિષ્ય અંગે વિચારશો અને નોકરી કરતાં હશો તો 'આજનો દિવસ કેવી રીતે જલદી પૂરો થાયલ્ર એ અંગે વિચારશો. આજે સાચાં મિત્રો અને તાળી-મિત્રો વચ્ચેનો ફર્ક સમજાશે. આપની શારીરિક કે માનસિક તબિયત સંવેદનશીલ રહેશે.

કુંભ (ગ. શ. સ.)
દિવસ સારો પસાર કરવા માટે માનસિક રીતે આપ સજ્ઞ હશો. આપ કોઈના દોરવાયા દોરવાશો નહીં. પોતાના મતને આપ દૃઢપણે રજુ કરશો. આજે આપના વખાણ થાય કે આપની તારીફ કરવામાં આવે તેવું બને. વ્યક્તિ પોતાના કર્મથી ઓળખાય છે પણ એ એનાં સ્વભાવથી પરખાય છે. આજે લોકવ્યવહારમાં એ ખાસ જોજો કે લોકો આપની ખોટી ઈમેઈજ ન બાંધે.

મીન (દ. ચ. ઝ. થ)
આજનો દિવસ બીજા લોકો સાથેનો પરિચય વધારવા માટે યોગ્ય નથી. જે સંબંધો જેવા અને જ્યાં છે, ત્યાં જ રહેવા દેજો. આજે સંબધ વધારવા કોશિશ કરશો, તો તકલીફો પણ વધશે, જે આપ હેન્ડલ નહીં કરી શકો. વધુ મહેનતે ઓછું પરિણામ મળવાથી, આપ થોડાક નિરાશ થશો. જો શ્વાસ છે તો આશ છે. નિરાશ ન થશો, થોડા દિવસોમાં સારાં પરિણામો મળશે.

રાજ્યમાં ૨૪ કલાકમાં નવા ૯૭૧ કેસ

રાજ્યમાં કોરોનાથી કુલ ૫ લોકોનાં મૃત્યુ : અત્યાર સુધીમાં કુલ ૬૫૧૯૯૪૩ ટેસ્ટ કરવામાં આવ્યા તેમજ ૧૬૫૫૮૯ લોકો સાજા થતા ડિસ્ચાર્જ કરાયા હતા

ગાંધીનગર, તા.૯

અમદાવાદઃ Pfizer અને BioNtechની કોરોના વેક્સીન ૯૦% અસરકારક બની છે. આંશિક રાહતના આ સમાચાર વચ્ચે ભારતમાં છેલ્લા ૨૪ કલાકમાં ૪૫,૯૦૩ નવા કેસ સામે આવ્યા છે. જ્યારે ૨૪ કલાકમાં ૪૯૦ દર્દીઓના મોત પણ નીપજ્યા છે. ગુજરાતમાં પણ છેલ્લા ૨૪ કલાકમાં ૯૭૧ નવા કેસ સામે આવ્યા છે. જેથી હવે એક્ટિવ કેસની સંખ્યા ૧૨૩૧૩ થઈ છે અને કુલ આંકડો પણ ૧૮૧૬૭૦એ પહોંચ્યો છે.

૨૪ કલાકમાં રાજ્યમાં કોરોનાના કુલ ૫૧૭૮૯ ટેસ્ટ કરવામાં આવ્યાં હતાં. જેથી કુલ ટેસ્ટનો આંકડો પણ ૬૫૧૯૯૪૩ થયો છે. રાજ્યમાં ૯૭૧ નવા દર્દીઓ સામે ૯૯૩ દર્દીઓ સ્વસ્થ થયા છે. જેથી સ્વસ્થ દર્દીઓનો આંકડો પણ ૧,૬૫,૫૮૯ એ પહોંચ્યો છે. રાજ્યની વસ્તીને ધ્યાનમાં લેતા દસ લાખની વસ્તી સામે પ્રતિ દિવસે ૭૯૬.૭૫ ટેસ્ટ થાય છે.

રાજ્યના જુદા જુદા જિલ્લાઓમાં આજની તારીખે કુલ ૪૯૯૭૦૩ વ્યક્તિઓને ક્વોરન્ટીન કરવામાં આવ્યાં છે. જે પૈકી ૪૯૯૬૧૩ વ્યક્તિઓ હોમ ક્વોરન્ટીનમાં છે અને ૯૦ વ્યક્તિઓને ફેસિલિટી ક્વોરન્ટીનમાં રાખવામાં આવ્યાં છે. આ ઉપરાંત રાજ્યમાં કુલ ૧૨૩૧૩ એક્ટિવ કેસ છે. જેમાંથી ૬૪ દર્દીઓને વેન્ટિલેટર સપોર્ટ પર રાખવામાં આવ્યાં છે. જ્યારે ૧૨૨૪૯ની સ્થિતિ સ્ટેબલ છે.

રાજ્યમાં કોરોના વાયરસનો કહેર વધી રહ્યો છે. રાજ્યમાં આજરોજ કોવિડ-૧૯ના કારણે ૫ દુઃખદ મોત નોંધાયા છે. જેમાં અમદાવાદ કોર્પોરેશનમાં ૨, મહેસાણામાં ૧ અને રાજકોટ કોર્પોરેશનમાં ૨ એમ કુલ મળીને ૫ દર્દીઓ મોતને ભેટ્યા છે. જેથી હવે રાજ્યમાં કુલ મૃત્યુઆંક પણ ૩૭૬૮ થયો છે.

ભિલોડા સુરપુર ગામના નિવૃત્ત પીએસઆઈને કોરોના ભરખી ગયો

જિલ્લા સેવાસદનમાં કોરોનાનો કહેર યથાવત, પુરવઠા કચેરીનો કર્મચારી કોરોનાગ્રસ્ત

ભિલોડા, તા. ૯

અરવલ્લી જીલ્લામાં કોરોનાનું સંક્રમણ સતત વધી રહ્યું

છે, સાત દિવસમાં કોરોના ત્રણ લોકોને ભરખી જતા કોરોનાના અસરગ્રસ્ત વિસ્તારોમાં ભારે ફફડાટ ફેલાયો છે. ભિલોડા તાલુકાના સુરપુર ગામના કોરોનાગ્રસ્ત નિવૃત્ત પીએસઆઈનું હિંમતનગર ખાનગી હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત નીપજ્યું હતું. અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીમાં મામલતદાર સહીત ત્રણ કર્મચારી કોરોનામાં સપડાયા બાદ પુરવઠા કચેરીનો કર્મચારીનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સારવાર અર્થે દવાખાને ખસેડાયો હતો. છેલ્લા એક સપ્તાહમાં કોરોના રોકેટગતિએ વધી રહ્યો છે, ૫૦થી વધુ લોકો કોરોનાગ્રસ્ત થતા આરોગ્યતંત્રમાં ભારે દોડધામ મચી છે. સોમવારે વધુ ૫ લોકો કોરોનામાં સપડાતા સરકારી ચોપડે કોરોના ૬૨૭ દર્દીઓ નોંધાયા છે.

ભિલોડા તાલુકાના સુરપુર ગામના અને બે વર્ષ અગાઉ સુરત શહેરમાંથી પીએસઆઈ તરીકે નિવૃત્ત થયેલા શીવાભાઈ મોતીભાઈ પરમાર કોરોનાગ્રસ્ત થતા પરિવારજનોએ હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાતા સારવાર દરમિયાન મોત નિપજતા ભારે ચકચાર મચી હતી. આરોગ્યતંત્રએ સુરપુર ગામને કન્ટેન્ટમેન્ટ એરીયા જાહેર કરી સર્વેની અને સેંનેટાઈઝ કરવાની કામગીરી હાથ ધરી હતી.

અરવલ્લી જીલ્લા સેવાસદન કચેરીને કોરોનાનું

ગ્રહણ લાગ્યું હોય તેમ સતત કર્મચારીઓ કોરોનામાં સપડાઈ રહ્યા છે. જીલ્લા સેવાસદન કચેરીમાં આવેલ પુરવઠાતંત્રનો કર્મચારી કોરોનાગ્રસ્ત થતા જનસેવા કેન્દ્રમાં ચાલતી પુરવઠા વિભાગની કામગીરી બંધ કરી સમગ્ર પરિસરને આરોગ્યતંત્રએ સેંનેટાઈઝ કરવા તજવીજ હાથ ધરી હતી. સોમવારે મોડાસા શહેરની પ્રણામીનગર સોસાયટીની ૨૮ વર્ષીય મહિલા, ઉત્સવ હાઈટ્સમાં રહેતો ૪૪ વર્ષીય અને સર્વોદયનગરનો ૭૨ વર્ષીય પુરુષ અને ટિંટિસર ગામે ૨૫ વર્ષીય અને ચીચણો ગામનો ૫૫ વર્ષીય પુરુષનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા આરોગ્યતંત્રએ સર્વેની કામગીરી હાથ ધરી હતી. વહીવટીતંત્રએ તમામ કોરોનાગ્રસ્ત વિસ્તારોને કન્ટેન્ટમેન્ટ એરિયા જાહેર કરી રાબેતા મુબજની કામગીરી કરી સંતોષ માની રહી હોય તેવું લોકો અહેસાસ અનુભવી રહ્યા છે.

બનાસકાંઠા જિલ્લામાં કોરોનાના વધુ ૧૪ કેસ

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૪ પોઝેટિવ કેસ નોંધાયા હતા. જેની સાથે જિલ્લામાં કુલ પોઝિટિવ કેસની સંખ્યા ૨૫૪૪ એ પહોંચી છે.

સરહદી બનાસકાંઠા જિલ્લામાં સોમવારે કોરોનાના વધુ ૧૪ કેસ નોંધાયા હોવાનું આરોગ્ય વિભાગના સૂત્રોએ જણાવ્યું હતું. જિલ્લા મુખ્યાલય પાલનપુરમાં ૦૧, વેપારી મથક ડીસામાં ૦૪, કાંકરેજમાં ૦૨, દિયોદરમાં ૦૩, થરાદમાં ૦૨ અને સુઈગામમાં ૦૨ કેસ નોંધાયા હતા. આ અંગે જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા જણાવ્યું હતું કે, કુલ ૬૪૧ સેમ્પલમાં થી ૧૪ કેસ પોઝેટિવ આવ્યા હતા. જયારે મૃત્યુઆંક ૬૨ એ પહોંચ્યો છે.

પાલનપુર તાલુકા પંચાયતના કારોબારી અને ન્યાય સમિતિના ચેરમેનએ ચાર્જ સંભાળ્યો

પાલનપુર તાલુકા પંચાયતના કારોબારી અને ન્યાય સમિતિના ચેરમેનએ ચાર્જ

સંભાર્યો હતો.જેમને શુભેચ્છકોએ ફુલહાર પહેરાવી વધાવી લેવામાં આવ્યા હતા.

કોગ્રેસ શાશિત પાલનપુર તાલુકા પંચાયતમા કારોબારી ચેરમેન અને ન્યાય સમિતીના ચેરમેનની અઢી વર્ષની ટર્મ પુરી થતા તાજેતરમાં નવા ચેરમેનોની વરણી કરવામાં આવી હતી. જેમા માલણના સંજયભાઈ ચૌધરીની કારોબારી ચેરમેન અને જયોત્સનાબેન ડામોરની સામાજીક ન્યાય સમિતીના ચેરમેન તરીકે વરણી કરવામાં આવી હતી. તેવોએ સોમવારે વિધિવત રીતે ચાર્જ સંભાળી લીધો છે.આ પ્રસંગે કોંગ્રેસ ના આગેવાનો સહિત મોટી સંખ્યામાં સમર્થકોએ હાજર રહી તેવોને શુભેચ્છાઓ પાઠવી હતી.

વ્યાજના ચક્કરમાં... ● ત્રીજા પાનાનું ચાલુ

ત્યારબાદ રજનીકાંત પટેલની પઠાણી ઉઘરાણીને પગલે યુવકે તેમને રૂ.૮ લાખ પરત આપવા છતા તેઓ ઘરે આવીને ધમકી આપતા હતા.

રજનીકાંત પટેલે ધમકીઓ આપી સરગાસણવાળી ત્રણ દુકાનો ગીરોખત કરાવી લીધી હતી. જે મુદે યુવકે સેકટર-૨ બી ખાતે રહેતા બ્રિજેશ મહેન્દ્રભાઈ પરમાર (પ્લોટ નં.૧૪૨૦-૨) પાસેથી ૧૦ ટકાના વ્યાજે રૂ.૫ લાખ અપાવ્યા હતા. જેને પગલે યુવકે રજનીકાંતને ૭.૫૦ લાખ અને વિપુલભાઈને બાકીના રૂ.૨ લાખ ચુકવી દીધા હતા. ફરીયાદી યુવકે રૂપીયા ચુકવી દીધા હોવા છતા પણ દુકાન અને ફલેટના દસ્તાવેજ આપતા ન હતા. તે ઉપરાંત વધુ રૂપીયા માટે દિકરાને ઉઠાવી જવાની ધમકી આપતા હતા. બ્રિજેશ પરમારે પણ પેનલ્ટી સાથે ૧૬ લાખ આપી જવાનું કહીને દિકરા-પત્નિને ઉઠાવી જવાની ધમકી આપી હતી. ફરીયાદી બ્રિજેશને રૂપીયા આપવા માટે ગયો ત્યારે તેણે વધુ ૬ લાખ માંગ્યા હતા. ત્યારબાદ વ્યાજના ચક્કરમાં ફસાયેલો યુવક ઘરેથી નીકળી ગયો હતો, તે તા.૬ નવેમ્બરના રોજ પરત ફરતા સમગ્ર મુદ્દે ફરીયાદ નોંધાવતા સેકટર-૭ પોલીસે ૬ વ્યાજખોરો અને ફરીયાદીને વ્યાજના ચક્કરમાં ફસાવનાર બે મિત્રો સામે ગુનો નોંધાતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે.

૨૦ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

સે. ૧૬ માં કોરોનાના આજે વધુ ૩ કેસ નોંધાયા છે. સે. ૨૬ માં રહેતા અને બેંક ઓફ બરોડાની વસ્ત્રાપુર શાખામાં ફરજો બજાવતા ૩૦ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૬૧ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે.

ત્રણેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૨ માંથી આજે એક જ દિવસમાં ૪ કેસ મળતાં તંત્ર ચોંકી ઉઠ્યુ છે. એક જ પરિવારમાં માતા-પુત્ર અને પુત્રીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ૪૮ વર્ષીય ગૃહીણી, ૨૩ વર્ષીય અભ્યાસ કરતા યુવાન અને ૨૮ વર્ષીય ખાનગી ફાર્મસી કંપનીમાં નોકરી કરતી યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૭૪ વર્ષીય નિવૃત્ત કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. ચારેય દર્દીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૧૩ માંથી આજે વધુ બે કેસ મળી આવ્યા છે. ૬૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત અદાણી એરપોર્ટ પર ફરજ બજાવતા ૩૮ વર્ષીય યુવાનનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેને સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે.

સે. ૨૪ માંથી આજે બે કેસ મળી આવ્યા છે. પાંચ વર્ષની બાળકીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્નેએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. સે. ૨૧ માંથી પણ આજે બે કેસ મળી આવ્યા છે. સે. ૨૧ માં રહેતા બેન્ક મેનેજર તરીકે અમદાવાદમાં ફરજ બજાવતા અધિકારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ અધિકારીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. આ ઉપરાંત ૬૩ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે તેમને સારવાર માટે સરસ્વતી હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. સે. ૪ માં રહેતી અને સિવિલ હોસ્પિટલમાં નર્સ તરીકે ફરજો બજાવતી ૩૨ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

સે. ૧૭ માં રહેતા હિંમતનગર સબ જેલમાં સુબેદાર તરીકે ફરજો બજાવતા ૫૭ વર્ષીય કર્મયોગીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં મેડીકલ સ્ટોર ધરાવતી અને સે. ૧ માં રહેતી ૪૪ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સે. ૭ માં ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત સે. ૨૫ માંથી ૮૪ વર્ષીય વૃદ્ધનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીઓએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે. શહેરમાં હોમ આઈસોલેશન હેઠળના દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે તેથી તંત્રની કામગીરીનું ભારણ વધ્યુ છે. શહેરમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રોએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૮ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. સતત બીજે દિવસે પણ ૧૮ દર્દીઓને ડિસ્ચાર્જ અપાયુ છે જે નોંધનીય છે.

વધુ ૧૨ કેસ... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ ઉપરાંત વેલપુરા ગામેથી ૫૫ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને મહિલા દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. માણસા તાલુકાના મહુડી ગામેથી ૫૦ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ દર્દીને પણ સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ તાલુકામાંથી આજે વધુ પાંચ કેસ મળી આવ્યા છે. ૩ કેસ ગ્રામ્ય વિસ્તારમાંથી અને બે કેસ અર્બન વિસ્તારમાંથી મળી આવ્યા છે. કલોલ તાલુકાના સોજા ગામેથી આજે બે કેસ મળ્યા છે. જે રીતે અહિથી કેસો મળી રહ્યા છે તેને લઈ તંત્રની ચિંતા ઘેરી બની છે. સોજામાંથી ૪૫ વર્ષીય વેપારીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે આ ઉપરાંત ૩૫ વર્ષીય ખેડૂતનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. સઈજ ગામેથી ૬૦ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવતાં તેણીનીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવેલ છે. કલોલ અર્બન-૧ વિસ્તારમાંથી ૬૦ વર્ષીય પુરૂષ અને અર્બન-૨ વિસ્તારમાંથી ૭૪ વર્ષીય ગૃહીણીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. આ બન્ને દર્દીને સારવાર માટે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં રિકવરી રેટ સારો હોવાનો દાવો કરતાં તંત્રએ જણાવ્યુ છે કે આજે વધુ ૧૩ દર્દીઓ રિકવર થતાં તેમને ડિસ્ચાર્જ આપવામાં આવ્યુ છે. આ સાથે જિલ્લામાં ૨૪૨૪ દર્દીઓ કોરોનામુક્ત થયા છે. જિલ્લામાં આજે ૧૨૬ કેસ એકટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લામાં આજે ૧૩,૪૨૧ લોકોને ક્વોરોન્ટાઈન હેઠળ રાખવામાં આવ્યા છે.

ફટાકડા...● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બોકસ ઉપરઁઈર્જીની સૂચના પ્રમાણેનું માર્કિંગ હોવું જરૂરી છે. હોસ્પિટલ, નર્સિંગહોમ, આરોગ્ય કેન્દ્રો, શૈક્ષણિક સંસ્થાઓ, ન્યાયાલયો, ધાર્મિક સ્થળોની ૧૦૦ મીટરની ત્રિજયાના વિસ્તારને સાયલેન્ટ ઝોન તરીકે ગણવામાં આવશે. અને ત્યાં કોઈ પણ પ્રકારના ફટાકડા ફોડી શકાશે નહી. કોઈપણ પ્રકારના વિદેશી ફટાકડા આયત કરી શકાશે નહિ, રાખી શકાશે નહિ કે વેચાણ કરી શકાશે નહી. તેમજ ઈ-કોમેર્સ વેબસાઈડ્સ ફલીપકાર્ટ, એમેઝોન સહિતની કોઈપણ ઈ-કોમર્સ વેબસાઈડ ફટાકડાના વેચાણ માટે ઓનલાઈન ઓર્ડર લઈ શકાશે નહી. ઓનલાઈન વેચાણ પણ કરી શકાશે નહી. લોકોને અગવડ ઉભી ન થાય કોઈપણ ભયજનક પરિસ્થિતિનું નિર્માણ ન થાય તે માટે ગાંધીનગર જિલ્લાના મહેસુલી વિસ્તારના બજારો, શેરીઓ, ગલીઓ, જાહેર રસ્તાઓ, પેટ્રોલપંપ, એલ.પી.જી., બોટલીંગ પ્લાન્ટ, એલ.પી.જી. ગેસના સ્ટોરેજ અન્ય સળગી ઉઠે તેવા પદાર્થોને સંગ્રહ કરેલા ગોદામો તથા હવાઈ મથકની નજીક ફટાકડા દારૂખાનું ફોડી શકાશે નહી. કોઈપણ પ્રકારનું સ્કાય લેન્ટર્સ (ચાઈનીઝ તુક્કલ/આતશબાજ બલુન)નું ઉત્પાદન તથા વેચાણ કરી શકાશે નહી તેમજ કોઈપણ સ્થળે ઉડાડી શકાશે નહી. આ જાહેરનામું તા. ૧૨ થી ૩૦ નવેમ્બર, ૨૦૨૦ સુધી અમલમાં રહેશે. આ હુકમનો ભંગ કરનાર વ્યક્તિ ભારતીય દંડ સંહિતાની કલમ-૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

લોકાર્પણ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સામાનનો ઉપયોગ કરવાની અપીલ કરી, સાથો સાથ પીએમ એ કહ્યું કે માત્ર દીવો પ્રગટાવો જ લોકલ નથી પરંતુ દેશમાં જે પણ વસ્તુ બને છે તેનો ઉપયોગ કરો. પીએમ મોદીએ કહ્યું કે કાશી એ જે માંગ્યું તેને મન ભરીને મળ્યું છે. પરંતુ મેં મારા માટે કયારેય કંઈ માંગ્યું નથી. હું અપીલ કરું છું કે તમે લોકલનો જ ઉપયોગ કરો. પીએમ મોદીએ કહ્યું કે કોરોના કાળમાં પણ કાશી થોભ્યું નથી. સતત કામ ચાલુ રહ્યું. પીએમ મોદીએ કહ્યું કે યુપીમાં કોરોનાકાળમાં વિકાસ કામ થોભ્યા નથી, તેના માટે યોગીજીની ટીમને ખૂબ ખૂબ અભિનંદન. વારાણસીમાં શહેર-દેહાતની વિકાસ યોજનાઓમાં સંસ્કૃતિ-આધુનિકતાનું ધ્યાન રાખવામાં આવી રહ્યું છે. પીએમ મોદીએ કહ્યું કે કાશીમાં હવે ઘાટોની તસવીર બદલાઈ રહી છે, જે યોજનાઓની શરૂઆત થઈ રહી છે તેનાથી સ્થાનિક રોજગાર વધશે. પીએમ મોદીએ કહ્યું કે કાશીની મોટી સમસ્યા લટકતા વીજળીના તારોની રહી છે, પરંતુ આજે કાશીનો મોટો ક્ષેત્ર તેનાથી મુકત થઈ ગયો છે. પીએમ મોદીએ કહ્યું કે પહેલાં વારાણસીમાં ૧૨ ફ્લાઈટ દોડતી હતી પરંતુ હવે ચાર ગણી ફ્લાઈટ દોડે છે. પોતાના સંબોધનમાં પીએમ મોદી બોલ્યા કે કાશીના ઈન્ફ્રાસ્ટ્રકચરથી અહીં રહેનાર અને બહારથી આવનાર લોકોને ફાયદો થઈ રહ્યો છે.

આજે ફેંસલો... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સોનિયા ગાંધીએ પાર્ટીના મહાસચિવ અવિનાશ પાંડે અને રણદીપસિંહ સુરજેવાલાને પટના મોકલ્યા છે. ચૂંટણી પરિણામો જાહેર થયા બાદના સંજોગોમાં મેનેજમેન્ટની જવાબદારી આપીને આ બંને નેતાઓને મોકલવામાં આવ્યા છે.

સૂત્રોના જણાવ્યા અનુસાર એક્ઝિટ પોલમાં સત્તારૂઢ જનતા દળ યુનાઈટેડ (જેડીયુ) ના નેતૃત્વ હેઠળના સત્તારૂઢ નેશનલ ડેમોક્રેટિક એલાયન્સ (એનડીએ) વચ્ચે નજીકની લડતની આગાહી કરવામાં આવી છે. આવી સ્થિતિમાં વિરોધી છાવણીમાંથી ધારાસભ્યોને ખરીદવા અને વેચવાના પ્રયાસો થઈ શકે છે. તેને જોતા બંને નેતાઓને પટના મોકલી દેવાયા છે. આ બંને નેતાઓ બિહારમાં રોકાશે અને ગઠબંધન સહયોગીઓની સાથે સમન્વય બનાવી રાખશે.

મહાગથબંધનમાં આરજેડીની સાથે કોંગ્રેસ અને ડાબેરી પક્ષોનો સમાવેશ થાય છે, જ્યારે એનડીએમાં જેડીયુ, ભારતીય જનતા પાર્ટી (ભાજપ), જીતનરામ માંઝીની પાર્ટી હમ, મુકેશ સહનીની વિકાસશીલ ઈન્સાન પાર્ટી (વીઆઈપી) છે. જો લડત નજીક રહી અને એનડીએ બહુમતી માટે જરૂરી ૧૨૨ બેઠકોના જાદુઈ આંકડાની નજીક પહોંચે છે, તો પછી વિરોધી પક્ષની છાવણીમાં પ્રવેશવાનો પ્રયાસ કરી શકે છે. આવી સ્થિતિમાં જે પક્ષો ઓછી બેઠકો જીતે છે તે વધુ સંવેદનશીલ બની જશે.

સૂત્રોના જણાવ્યા મુજબ કોંગ્રેસની યોજના પોતાના તમામ ધારાસભ્યોને પટનાની એક હોટલમાં રાખવાની યોજના ધરાવે છે. ઉલ્લેખનીય છે કે જો પરિણામો એક્ઝિટ પોલના અંદાજો પ્રમાણે જ આવે છે તો મહાગઠબંધનની સરકાર રચાવાનું નક્કી મનાય છે.

ગુજરાત વિધાનસભાની ૮ બેઠકોની પેટાચૂંટણી ગત તા. ૩જી નવેમ્બરે મતદાન યોજાયું હતું. જેનું પરિણામ આવતીકાલે આવશે.વિધાનસભાની પેટા